# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૨ • સળંગ અંક ૯૭ • મુંબઈ • ડિસેમ્બર ૨૦૧૪ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજનો,

જય જિનેન્દ્ર ! !

*નથી એવું માંગવુ મંઝિલે પહોંચાડી દે,*
*ખાતરી આપ કે પ્રયાણની દિશા સાચી છે !*

### જ્ઞાનનું લક્ષ ઉત્કૃષ્ટ ચારિત્ર્ય નિર્માણ:

સુખ અને દુઃખ મન મનના કારણો છે - યોગ્યતા સાથે તેની વધઘટ એક સંદેશ તથા માનસિકતા છતી કરે છે. અર્થપૂર્ણ અને સમજણ પૂર્વકનું જ્ઞાન ઉત્કૃષ્ટ ચારિત્ર્યનું નિર્માણ કરવાની અદ્‌ભૂત ક્ષમતા ધરાવે છે. અંધારામાં માનવી પોતાની સાથે અને અજવાળામાં શિષ્ટ પુરુષો સામે અપરાધભાવ વિના પ્રસન્નતા પૂર્વક પોતાની વીચારધારા વ્યક્ત કરી શકે તેવી અનન્ય જીવન પદ્ધતિ હોવી આવશ્યક છે. જ્ઞાનધારાથી ઉપાર્જિત ચારિત્ર્ય ઘડતર ઘડી ખુદને માંજવાની છે. સદ્‌ગુણોના ઊઘાડ અને નમ્રતા સાથે લોકોની આંખોને આંજવાની કોઈ જ જરૂરિયાત નથી. અહંકાર માનવીને પાંગળો અને વિક્ષુબ્ધ બનાવે છે. સ્પષ્ટ વિવેક બુદ્ધિ અને સમજણ સાથેનું ચારિત્ર કોઈપણ જાતના આડાઅવળા પ્રયત્નો વગર અદ્‌ભૂત દિશા સુચન કરશે જે અન્યોના મનોમસ્તિષ્કમાં તમારા માટે માન અને સન્માન પેદા કરશે. માત્ર દેખાવ જ નહીં, તમારા કાર્યો અને કર્મો દ્વારા મેળવેલ ચારિત્ર્ય તમને માન, સન્માન અને પ્રતિષ્ઠાના અધિકારી બનાવશે. જ્ઞાન મુલ્યનિષ્ઠાને મેળવવા કાયમ તત્પર રાખે છે.

વર્તમાન સમયમાં શિક્ષણ જ સમાજ પરિવર્તનનું પ્રભાવી સાધન છે, માટે જ કદાચ વિદ્યાના મોતી ચરનારો રાજહંસ વિદ્યાર્થી કહેવાયો છે. આપણને મુક્તિ, તૃપ્તિ અને મસ્તી અપાવે એ જ સાચી વિદ્યા.

### પાટણ છાત્રાલય આદિજિન મહોત્સવ

આપને જણાવતા આનંદ થાય છે કે પાટણ જૈન મંડળ છાત્રાલય, પાટણ મધ્યે જિર્ણોદ્ધૃત શ્રી આદિનાથ જિનાલયનું નવનિર્માણ **શ્રી સ્વ. ગજીબેન** તથા **સ્વ. પોપટલાલ નગીનદાસ શાહ** (વાસુપુજ્યની શેરી)ના આત્મશ્રેયાર્થે **શ્રીમતી રંજનબેન** તથા **શ્રી બચુભાઈ (મહાસુખલાલ) પોપટલાલ શાહ** દ્વારા સ્વદ્રવ્યે કરવામાં આવેલ છે, જે પૂર્ણતાને આરે પહોંચ્યું છે. તા. ૨-૨-૨૦૧૫ના રોજ તેની પ્રતિષ્ઠા સુનિશ્ચિત કરવામાં આવી છે. આપ સૌને ઉક્ત પ્રતિષ્ઠા મહોત્સવમાં આવશ્ય પધારવા **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** પરિવાર વતી હાર્દિક નિમંત્રણ છે. પ્રતિષ્ઠાના પાંચ દિવસીય મહોત્સવના કાર્યક્રમની વિગત આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે જેની નોંધ લેવા વિનંતી. સંસ્થા આ પરિવારની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

### દાનગંગાનો પ્રવાહ

આપ સૌને વિદિત છે જ કે દર વર્ષે સંસ્થા દ્વારા ઊજવાતા નૂતન વર્ષ સ્નેહ સંમેલનના પ્રેરક દાતા **શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ)** વતી **શ્રી સુનીલભાઈ ગુણવંતભાઈ શાહે** વધારાના ખર્ચને પેટે રૂા. ૨ લાખ સંસ્થાને ભેટ તરીકે આપેલ છે. સંસ્થા દાતા પરિવારની સાભાર અનુમોદના કરે છે.

### સત્કાર્ય અને સદાચાર

સત્કાર્યથી સદ્‌ગતિ અને દુષ્કાર્યથી દુર્ગતિ માનવીને પ્રાપ્ત થાય છે. જીવદયા ધર્મથી સુખ અને પાપથી દુઃખ પેદા થાય એ તેટલું જ સત્ય છે, પરંતુ જ્યાં શ્રદ્ધાનું અસ્તિત્વ જ ન હોય ત્યાં પાપથી નિવૃત્ત થવાની અને ધર્મમાં પ્રવૃત્ત થવાની શક્યતા ક્યાંથી સંભવી શકે. ત્યાગ જીવનનો અણમોલ ખજાનો છે જ્યારે આળસ જીવિત વ્યક્તિનું મૃત્યું છે.

મનની પ્રસન્નતામાં બનાવોનો ફાળો એક ટકા જેટલો હોય પરંતુ જ્યારે તે બનાવો કે ઘટનાઓનું અર્થઘટન કરવામાં આવે ત્યારે તે ફાળો નવ્વાણુ ટકા થઈ જાય છે. તેના ઉપર આપણો કોઈ જ અધિકાર રહેતો નથી. આત્માના હિતને શોષે તેનું નામ પાપ. સુખ અને શરીર મન કેન્દ્રિત હોય છે, જ્યારે હિત આત્મ કેન્દ્રિત હોય છે. દીવાને બોલવાની જરૂર પડતી નથી કારણ તેનો પ્રકાશ જ બોલતો હોય છે તે જ રીતે સદાચારીને પોતાની જાહેરાત કરવી પડતી નથી કારણ તેનું સદ્ આચરણ ખુદ બોલતું હોય છે.

*વાદ્યમાંથી વાદન બાદ થાય તો શેષ વધે શાંતિ,*
*સ્થિતિમાંથી ઉપસ્થિતિ બાદ થાય તો શેષ વધે એકાંત,*
*રકમમાંથી રકમ બાદ થાય તો શેષ વધે શૂન્ય,*
*આ તો બધું સહજ છે પણ*
*માણસમાંથી માણસ બાદ થતાં શેષ રાક્ષસ કેમ વધે છે ?*

**—મદનકુમાર અંજારિયા**

આત્મચિંતન આવશ્યક નથી લાગતું ?આભાર... !

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

# ભલે પધાર્યા આદિજિન મહોત્સવે પાટણ છાત્રાલયે

કૃતાર્થ કાર્યોની ઉચ્ચતમ કેડી કંડારનાર, બાહોશ લાગણીપ્રધાન અને વાત્સલ્યમયી જિંદાદીલ દંપત્તિ તરીકે શ્રીમતી રંજનબેન તથા **શ્રી બચુભાઈએ** તેમના સમગ્ર આયખાને પ્રજાળ્યું છે. એક આગવી સ્વયંપ્રગટ સંવેદના થકી ધર્મ અને સત્કર્મોના ક્ષેત્રે પોતાની જાતને તેઓએ સંપૂર્ણપણે પરોવી દીધી છે. તેઓના મતે ધર્મ અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અતૂટ અને અખૂટ વિશ્વાસ તથા હકારાત્મક અભિગમ જ માનવ જીવનની ચિંતન યાત્રાનો અને લક્ષસિદ્ધિનો રાજમાર્ગ છે.

પૂર્વની પરંપરા, સંસ્કૃતિ અને સંસ્કારિતાના સંદર્ભે ધર્મની અને શિક્ષણની મહત્તા અને મહાનતાના અનેકાનેક ઉદાહરણો વિવિધ ક્ષેત્રે અવારનવાર ઉલ્લેખ પામતા રહ્યા છે. **પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી શીલગુણસૂરિજી**નો પ્રતિબોધ થતાં **શ્રી વનરાજ ચાવડાએ**, કલીકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્યજી**ના પ્રભાવે **શ્રી સિદ્ધરાજ જયસિંહ** અને **રાજા કુમારપાળે** જિનાલય, જિનપ્રતિબિંબ અને જિનાગમયુક્ત જ્ઞાનભંડારોના નિર્માણ કરાવી ભવ્યજનોના તારક તત્વોની પૂર્તિ કરી. **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** દ્વારા ૪૫ આગમાદિ ધર્મગ્રંથોને સાંગાનેરી કાગળ પર જયણાપૂર્વક લખાણ કરાવવાનું અને નિર્માણાધિન **શ્રી પ્રવચન તીર્થ શંખેશ્વર** મધ્યે પ્રભુવીરના શ્રુતવારસાનું સંરક્ષણ, સંશોધન, સુશિક્ષણ, સંકલન અને સુલેખન કરાવવાનું કાર્ય અવિરત થઈ રહ્યું છે.

ધરાગુર્જરીની પ્રાચીનતમ રાજધાની પાટણનગરે **પાટણ જૈન મંડળ છાત્રાલય**ને આંગણે જીર્ણોદ્ધૃત ત્રિશિખરી **શ્રી આદિનાથ જિનાલયે** પંચ - દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ મહાસુદ ૧૦ ગુરુવાર તા. ૨૯-૧-૨૦૧૫ થી મહાસુદ ૧૫, મંગળવાર તા. ૩-૨-૨૦૧૫ દરમ્યાન સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. **શ્રીમતી રંજનબેન તથા શ્રી બચુભાઈ (મહાસુખલાલ) પોપટલાલ નગીનદાસ શાહ** પરિવાર સમગ્ર શ્રી પાટણ જૈન સમાજને સહર્ષ પધારવા નેહનિતર્યું નિમંત્રણ પાઠવતા અનહદ આનંદની લાગણી અનુભવે છે.

સિદ્ધહસ્ત લેખક, સૂરિમંત્ર પ્રભાવક, પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી** મહારાજા તથા હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂજ્ય આચાર્ય **શ્રીમદ વિજય યુગચંદ્ર સૂરિજી** મહારાજ સાહેબની શુભનિશ્રાનો લાભ આપણને પ્રાપ્ત થશે. આ અનેરા અવસરે પ્રશાંતમૂર્તિ પૂ.આ. **શ્રી વિજય હિતપ્રભ સૂરિજી** મ.સા., વાત્સલ્યનિધિ પૂ.આ **શ્રી વિજય બોધિરત્ન સૂરિજી** મ.સા., વિદ્વદ્વર્ય પૂ. આ. **શ્રી વિજય તપોરત્ન સૂરિજી** મ.સા., કાર્યકુશલ પૂ.આ. **શ્રી વિજયકુલરત્ન સૂરિજી** મ.સા., અમારા પરિવારના કુળદીપક **પૂ. મુનિરાજ શ્રી પૂર્ણયશ વિજયજી** મ. સા. તથા અન્ય સાધુ-સાધ્વી ભગવંતો અનુકુળતાએ પધારશે.

સંપ્રતિકાલીન શ્રી આદિનાથ પ્રભુજી **શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત જૈન બૌર્ડીંગના પૂર્વજો દ્વારા નિર્મિત જિનાલયમાં બિરાજમાન થયા. દેવગુરુ કૃપાએ **સ્વ. માતુશ્રી ગજીબેન** તથા **સ્વ.પૂ. પિતાશ્રી પોપટલાલ નગીનદાસ શાહ**ના આત્મશ્રેયાર્થે સ્વ દ્રવ્યથી જીર્ણોદ્ધાર કરાવવાની આ પરિવારની ભાવના ફળી છે. ખાતમુર્હૂત, શિલાસ્થાપનથી શિખર સુધી ત્રિશિખરી જિનાલયનું નિર્માણ કાર્ય પૂર્ણતાને આરે પહોંચ્યુ છે. પ્રભુ પ્રતિષ્ઠાના મહામંગળકારી મહોત્સવ ઊજવવાની પળ આંગણે દસ્તક કરી રહી છે. આ જિર્ણોદ્ધારનું કાર્ય પ્રાચિન પદ્ધતિ મુજબ મુખ્યત્વે ચુના દ્વારા કરવામાં આવ્યું છે. ઉક્ત જિર્ણોદ્ધાર ત્રિશિખરી **શ્રી આદિનાથ જિનાલય** તથા પ્રભુ પ્રતિષ્ઠાનો અણમોલ અવસર સાકાર કરવા બદલ **શ્રી બચુભાઈ પોપટલાલ શાહ** પરિવાર **શ્રી પાટણ જૈન મંડળ**નો સહૃદય ઋણસ્વીકાર કરે છે.

આ આદિનાથ જિનાલયને મારબલ તથા ચુનામાં બનાવવાની જાણકારી મેળવવા **શ્રી બચુભાઈ** જોધપુર - રાજસ્થાન સુધી વારંવાર ગયા હતા. જિનાલયને ચુનામાં બનાવ્યું છે અને ચુનો રાજસ્થાનથી તથા મકરાણા અને અંબાજીના મારબલની ઘડાઈ ધાંગધ્રામાં રાજસ્થાનના શ્રેષ્ઠ કારીગરો દ્વારા કરાવવામાં આવી છે. કદાચ ૧૦૦ વર્ષમાં આવું દેરાસર પાટણમાં બન્યું નથી. શીખરજી અને શત્રુંજયના પટ રાજસ્થાનમાં તૈયાર કરાવવામાં આવેલ છે. ત્રણ પરિકર મકરાણા મારબલમાં કોતરવામાં આવ્યા છે. પબાસણની હૃદયંગમ કોતરણી ખાસ કલાકારીગર **શ્રી માધવભાઈ** પાસે તૈયાર કરાવવામાં આવી છે. જિનાલયના ચણતરનું સંપૂર્ણ કામ સિદ્ધહસ્ત કારીગર સોમપુરા શ્રી લાલચંદભાઈ તથા શ્રી યશવંતભાઈના હસ્તે કરવામાં આવ્યું છે. ધજાદંડ અમદાવાદ ખાતે તૈયાર થઈ રહ્યો છે. ચુનો બળદો દ્વારા ત્યાં જ પીસાતો હજી પણ આપણે જોઈ શકીએ છીએ. **શ્રી બચુભાઈ**ના મતે સમગ્ર પરિવાર તથા મિત્રમંડળ અને શુભેચ્છકોના સહકાર વગર કદાચ આ કાર્ય આટલી સહેલાઈથી સંપન્ન થઈ શક્યું ન હોત. આ બધામાં સ્વપ્ન, કાર્ય, જોગ-સંજોગ મહત્વનો ભાગ ભજવે છે.

## ગમતાનો ગુલાલ કરવાનો પાંચ દિવસીય કાર્યક્રમ

| | |
|---|---|
| મહા સુદ ૧૦, ગુરુવાર, તા. ૨૯-૧-૨૦૧૫ | કુંભસ્થાપના - દીપક સ્થાપના - જ્વારા રોપણ |
| મહા સુદ ૧૧, શુક્રવાર, તા. ૩૦-૧-૨૦૧૫ | પૂ. ગુરુભગવંતોનો પ્રવેશ - શ્રુતમહાપૂજા ઉદ્‌ઘાટન વિજયમુહૂર્તે નવગ્રહાદિ પાટલાપૂજન |
| મહા સુદ ૧૨, શનિવાર, તા. ૩૧-૧-૨૦૧૫ | વિજયમુહૂર્તે ૧૮ અભિષેક |
| મહા સુદ ૧૩, રવિવાર, તા. ૧-૨-૨૦૧૫ | ૯.૦૦ કલાકે - રથયાત્રા - વિજયમુહૂર્તે આદિજિન પંચકલ્યાણક પૂજા |
| મહા સુદ ૧૪, સોમવાર, તા. ૨-૨-૨૦૧૫ | સવારે શુભ મુહૂર્તે પ્રભુ પ્રતિષ્ઠા, વિજયમુહૂર્તે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર |
| મહા સુદ ૧૫, મંગળવાર, તા. ૩-૨-૨૦૧૫ | પ્રાતઃકાલે દ્વારોદ્‌ઘાટન ૯.૦૦ કલાકે સત્તર ભેદી પૂજા. |

વિધિકારક : **શ્રી વસંતભાઈ પંડિતજી** તથા **શ્રી ચંદ્રકાંતભાઈ પંડિતજી** પધારશે.

પ્રતિદિન પ્રવચન : સવારે ૯.૦૦ કલાકે.

**ભવ્ય મહાપૂજા, દીપક રોશની, ભવ્ય આંગી, રંગોળી રચના - પુષ્પ શણગારનું ઉત્કૃષ્ટ આયોજન.**

## તંત્રીસ્થાનેથી...

# પ્રેમ : એક આવિર્ભાવ

*આંખોમાં બેઠેલા ચાતક કહે છે,*
*મારું ચોમાસું ક્યાંક આસપાસ છે !*
*ગાલો પર લજ્જાની લાલી ફૂટ્યાનું,*
*કોઈ કારણ પૂછે, તો કહું ખાસ છે !*

લાગણી, પ્રેમ, લગાવ કે એટેચમેન્ટ માનવીના અસ્તિત્વની આસપાસ કોઈકને કોઈક રીતે સંકળાયેલા હોય છે. અમુક વ્યક્તિઓ એવી હોય છે કે આપણે વારંવાર મળવાનું મન થયા કરે. મન અને હૃદય વચ્ચે એક લોહચુંબક હોય તેમ. એકમેક સાથે કરેલી, કહેલી કે સાંભળેલી વાતો સંધ્યાટાણે માળા તરફ જતાં પંખીઓની પેટે વાગોળવાનું મન થયા કરે ! આમ જુઓ તો મિલન કોઈના કુંવારા હોતા નથી. પૂર્વગ્રહ કે પક્ષપાતથી કે આગ્રહથી વ્યક્તિઓનું મિલન થતું હોય છે. આપણે ગતિમાં નહીં ગતિના આભાસમાં જીવીએ છીએ. મોહ અને માયાનો વિવાદ સદાકાળ થતો રહે છે કારણ કે તે જીવંત છે. પ્રેમ હર્યો-ભર્યો હોવો જોઈએ, માયુસ કે લાચારી ભર્યો નહીં. તો અને તો જ જીવનમાં વસંત પ્રગટતી રહે અને પાનખરે વિદાય લેવી પડે. એટલી હદે અને એવી રીતે પ્રેમ કરો કે તમારા પ્રેમમાં તમારો અહમ્ ઓગળી જાય અને તમે પોતે જ પ્રેમની ગંગોત્રી થઈ શકો. લાગણીની અભિવ્યક્તિમાં પ્રભાતના પારિજાત જેવા ગીત ફૂટે તો મન અને હૈયુ પ્રફુલ્લિત થઈ જાય.

મૌન, વાણીની અભિવ્યક્તિ અને પ્રેમ ઉભરતા હૈયાનો અભિગમ ઊભય પક્ષે એકમેકનું સ્વાગત કરે છે. ચક્ષુના ગહન દરિયામાં ઊભરતા લાગણીના સ્પંદનો માત્ર ઈશારાથી કે હાવભાવથી ઘણું બધું કહી જાય છે. નિર્મળ જાગૃતિનો ઝંકાર થવો જોઈએ. રણકાર આપોઆપ સંભળાશે.

જિંદગીનો અનુભવ અને હૈયાની અનુભૂતિ પ્રેમના પ્રતિબિંબ પાડ્યા વગર રહેતા નથી. ભાસ અને આભાસ વચ્ચે આપણે અથડાતા રહીએ છીએ. પ્રત્યેક વ્યક્તિને સારા કે નરસા અનુભવો થતાં રહે છે, પરંતુ કોઈ એકની અભિવ્યક્તિને આધારબિંદુ ગણી શકાય નહીં. સફળતા કે નિષ્ફળતાનો સ્વીકાર ઘણું બધું કહી જાય છે, શીખવી જાય છે. પંખીઓ ક્યારેય આપણી ફરમાઈશ પ્રમાણે ટહુંકા કરે છે ? ના, તેઓ પોતાની ઈચ્છા અને ફિતરત પ્રમાણે જ કરે છે. કદાચ તેથી જ તેનું મૂલ્ય અનેકઘણું વધી જાય છે.

મહાત્મા ગાંધીએ કહ્યું છે કે, શ્રદ્ધા બીજું કશું નથી એ છે અંતરસ્થિત પરમાત્માની જીવંત, જાગ્રત સચેતનતા. તોફાની સમુદ્રમાં શ્રદ્ધા જ આપણું સુકાન સંભાળે છે. ગમે તેવા તોફાનો કે મુશ્કેલીઓને હઠાવી મહાસાગર ઉલ્લંઘવાનું સામર્થ્ય ધરાવે છે, સફળતા માટે શ્રદ્ધાથી જ પ્રથમ ડગ માંડીએ છીએ. કારણ કે તે જ એક પ્રોત્સાહક શક્તિ છે. શ્રદ્ધા ક્યારેય બલ પ્રેરિત હોઈ ન શકે. રોય આર. ગીલ્સન કહે છે કે બધી જ સુંદર વસ્તુઓમાં શ્રદ્ધા રાખો, સૂર્યમાં જ્યારે તે અદ્રશ્ય હોય, વસંતમાં જ્યારે તે વિદાય થઈ ગઈ હોય. કર્મમાં પરિણમે તેનું નામ જ શ્રદ્ધા સાક્ષાત ન હોય તેની માન્યતા અને માનતા હોઈએ તેનો સાક્ષાતકાર. **ગુરુવર્ય રવિન્દ્રનાથ ટાગોર** કહે છે મારો અંતિમ ઉદ્‌ગાર હોય કે તારા પ્રેમમાં મને શ્રદ્ધા છે. આપણે પ્રેમ, આશા અને પ્રસંશાથી જીવીએ છીએ. વ્યક્તિને ચાહો વસ્તુને નહીં. 'જે કેવળ નિર્જીવ અને પદાર્થિક હોય તેમાં પ્રગાઢ રીતે આસક્ત ન બનો. પ્રેમનું અસ્તિત્વ ત્યાં હોય છે જ્યાં વ્યક્તિ પોતાના કરતાં બીજા માટે વિશેષ કાળજી ધરાવતી હોય, પાત્રતા કેળવ્યા પછી જ અપેક્ષા રાખી શકાય.

પ્રેમ પાતળો હોય ત્યાં ભૂલો ભારે હોય માટે પ્રેમ લણવા કરૂણા ને વાવવી આવશ્યક છે. બીજા શબ્દોમાં આપણા સુખને અન્યના સુખ પર આધારિત કરવું. જ્યારે જ્યારે માણસ અજાણ્યા પાસે પોતાનું હૃદય ઠાલવે છે ત્યારે ત્યારે તે માનવજાતને એકસૂત્રે સાધનાર પ્રેમને પુનઃ સ્થાપિત કરે છે. સ્નેહના ઉદરે ત્યાગ જન્મે છે. સાચા પ્રેમનો આધાર આપણા અંતઃકરણમાં જ છે.

માત-પિતાનો વાત્સલ્યમયી પ્રેમ- પતિ-પત્નીનો ઊભય પક્ષે પ્રેમ, ભાઈ-બહેનનો નિઃસ્વાર્થ પ્રેમ-પરિવારનો પાકટ પ્રેમ, અંતરના અજવાળે ઉજવાતો પ્રિયા અને પ્રિયતમનો પ્રેમ-મનના માણિગરનો પ્રેમ-ઈશ્વરદત્ત મિત્રતાનો મહામૂલો પ્રેમ - એક પક્ષિય કે દ્વિપક્ષિય પ્રેમ તેના જ અનુસંધાનમાં લયલા-મજનું, શીરીં-ફરહાદ, રામ-સીતા, કવિ-પ્રકૃતિ, રાધા-કૃષ્ણ, મીરા-શ્યામ, રોમીયો-જુલીયેટ, કુંતા-અભિમન્યુ, ચાંચમાં ચાંચ ભરાવી ગેલ કરતાં ડાળ પરના ગાભરું પંખીઓ, કે પશુઓનો પ્રેમ. આ સઘળા પ્રેમના પ્રકારોમાં એક વાતતો નિશ્ચિત છે કે પ્રેમને જાત-પાત હોતી નથી કે નથી હોતા સમયના કે વયના બંધન ! હોય છે માત્ર ચાહત-શિષ્ટતા પૂર્વકની ! પ્રેમમાં દર્શન હોય પ્રદર્શન ન હોય ! લાગણીથી અભિભૂત નિતિમત્તા સાથનો માણસ અને નિખાલસ પ્રેમ !

આભા અને મોભાને પોષવા કરતાં અંતરતલને ઢંઢોળવું આવશ્યક છે. રત્ન કાદવમાં પડી જવા છતાં મૂલ્યવાન રહે છે જ્યારે ધૂળ આસમાનમાં ઊડે તોય મૂલ્યહીન રહે છે. ગુલાબ ખીલ્યા બાદ સુગંધ પોતાની પાસે રાખતું નથી. સંસારિક કે સામાજિક કર્તવ્યમાંથી ઉત્કૃષ્ટ પ્રેમ અને સંવેદનાનું સર્જન કરવું નિતાંત જરૂરી છે. પ્રેમમાં શ્રદ્ધા અને નિષ્ઠા જ ગૌરવને ગરિમાના અધિપતિ બનાવે છે. પ્રેમની પ્રવાહિતાનું પરિમાણ પરસ્પર પૂરક બને છે.

પડઘો પડે અને તેનો હોંકારો આપણને સામે મળે. આ પડઘાઓની આપણે સૈકાઓથી રાહ જોઈએ છીએ, અને આવકારીએ છીએ. ચીસ તો વેદનાની વણોતર છે, જ્યારે પ્રેમના લયમાં સુમધુર ફળશ્રુતિ વિવિધ રહેવાની. માનવી વેદનાની ચીસથી હતપ્રભ થાય છે જાણે કે શરીરની સર્વ શક્તિ હણાઈ ગઈ હોય. એક આંચકો સમગ્ર ચેતનાને વેરવિખેર કરી નાખે છે. હૈયે ડૂમો ભરાય છે જે ઊર્ધ્વગતિ પામે તો આંસુ બને અને હૈયા તરફ વળે તો આઘાત બને !

પ્રેમ પાસે સ્વ ને સંબંધોનું પોતાપણું હોય છે. એક સ્વજન માટેનો ઊભરો પોતિકો આનંદ સતત અને અવિરત વહેતો રહે છે. કારણ તેમાં હૈયાની લાગણી અને પ્રેમનો અવિર્ભાવ ક્ષિતિજને આંબે છે.

*ચેતન, ચિંતન, શ્રદ્ધા, સર્જન અને સમર્પણ,*
*સ્નેહાવરણ, સાગર મંથન, તુજને અર્પણ;*
*મરકતા પ્રિતમનું મન, જીવતી ક્ષણે ક્ષણ,*
*ઉર્મિ, અભિવ્યક્તિ, સાન્નિધ્ય સેતુ, ત્યાગને તર્પણ !*

**❑ સંપાદક સમિતિ**

# પાટણના ચી. દેવ શાહની વિરાટ સિદ્ધિ

**શ્રીમતી અનિલાબેન તથા શ્રી અનિલભાઈ રમણલાલ શાહ** (ખડા ખોટડીનો પાડો)નો પૌત્ર હાલ મુંબઈ, દરિયામહેલ, નેપિયન્સી રોડ સ્થિત દેવ શાહે ચેસમાં સર્વોચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ભારતના આ સૌથી યુવાન રેટેડ ચેસ ખેલાડીએ સૌથી પ્રતિષ્ઠિત **''વર્લ્ડ ચેસ સ્કૂલ્સ ટાઈટલ''** જીતી લીધું છે. તે ચેસમાં વિશ્વ સ્કૂલ સ્પર્ધાની આ સર્વોત્તમ ઉપલબ્ધિ મેળવનાર પ્રથમ ભારતીય છે. આ સાથે તે ૧૪૪૮ ઈન્ટરનેશનલ રેટિંગ પોઈન્ટ ધરાવે છે અને ચેસની વિશ્વસંસ્થા ફિડે દ્વારા અપાતા **''કેન્ડિડેટ માસ્ટર''** નામના ટાઈટલ માટે ક્વોલિફાય થયો છે. સામાન્ય રીતે આ ટાઈટલ ૧૦થી ૧૨ વર્ષના વિજેતાઓ મેળવતા હોય છે, પરંતુ દેવ શાહે માત્ર ૭ વર્ષની અલ્પ વયે હાંસલ કર્યો છે.



સાઉથ મુંબઈ ચેસ એકેડેમીના તાલીમાર્થી અને બાંદરાની ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી દેવ શાહે માત્ર ૩ વર્ષની ઉંમરે ચેસ રમવાની શરૂઆત કર્યા પછી છેલ્લા ૪ વર્ષમાં અનેક સિદ્ધિઓ મેળવી છે. તેણે ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર તથા મેડલો પણ જીત્યા છે. મહારાષ્ટ્ર રાજ્યનો આ સર્વશ્રેષ્ઠ ખેલાડી ઑગસ્ટમાં ગ્લાસગોની કૉમનવેલ્થ ગેમ્સની અન્ડર-૧૦ મિક્સ્ડ કેટેગરીનો ગોલ્ડ મેડલ જીત્યો હતો, ગયા વર્ષે એશિયન સ્કૂલ્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ અને ૨૦૧૨માં એ જ સ્પર્ધામાં બે સુવર્ણચંદ્રક પણ અંકે કર્યા હતા.

દેવ શાહે તા.૪-૧૨-૨૦૧૪ બ્રાઝિલના જુઈઝ ડી ફોરા શહેરની વિશ્વસ્પર્ધાને અંતે મોંગોલિયાના ઑચિરબત ઈખાવજામત્સ અને ઉઝબેકિસ્તાનના સિન્દારોવ ઈસ્લોમબેક નામના પ્લેયરો સાથેની સ્પર્ધામાં વિશ્વવિજેતા ઘોષિત કરવામાં આવ્યો હતો. **આ સ્પર્ધામાં રશિયા, ચીન, યુક્રેન સહિત ૨૭ દેશના કુલ ૪૫ ટોચના રમતવીરોએ ભાગ લીધો હતો.**

**શ્રીમતી કૃપાલીબેન તથા શ્રી રાહુલભાઈના કુળદિપક ચી. દેવ** (ઉં.વ. ૭) બીજા ધોરણમાં ભણે છે. તે નિયમીત શાળા સમયબાદ સાંજે ૪ થી ૧૦ વાગ્યા સુધી ચેસની તાલીમ લેવા જાય છે, ને રાત્રે શાળાનું હોમવર્ક કરે છે. તેણે વર્લ્ડ ટાઈટલ જીતવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો અને એ સપનું સાકાર કરીને જ રહ્યો. ઈશ્વરની પણ તેના પર અસીમ કૃપા છે. તેને તેની શાળાના આચાર્ય તેમજ શિક્ષકોનો પણ બહુ સારો સહકાર મળ્યો છે.

ચી. દેવના મતે વિશ્વનાથન આનંદ તેના ફેવરિટ પ્લેયર છે અને તેમની ટેકનિકો તથા ટિપ્સ તેને આ વર્લ્ડ ટાઈટલ જીતવામાં મહદ્અંશે કામ લાગી છે. બાલાજી અને ડી.વી. ગણેશ તેના કોચ છે. મુંબઈ સિટી ડિસ્ટ્રિક્ટ ચેસ એસોસિયેશનના જોઈન્ટ સેક્રેટરી નાગેશ ગુટ્ટુલાએ કહ્યું હતું કે, **''દેવ માત્ર મુંબઈની નહીં, પણ સમગ્ર દેશની ચેસમાં નવી ક્રાંતિ લાવશે. તે બીજા બાળકો માટે પ્રેરણારૂપ થઈ રહ્યો છે તેમ કહેવુ અસ્થાને નથી જ.''**

પાટણ જૈન સમાજની સાથોસાથ સમગ્ર દેશનો ગૌરવ વધારનાર આ વામન ખરેખર વિરાટ બની અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરી છે તે બદ્દલ **શ્રી પાટણ જૈન મંડળ** તેની સિદ્ધિઓને બીરદાવી ચી. દેવને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

૧. વર્લ્ડ સ્કૂલ ચેસ ચેમ્પિયનશીપ (બ્રાઝીલ) કેન્ડીડેટ માસ્ટર
૨. નેશનલ ચેમ્પિયનશીપ અંડર-૭ (બ્રાઝીલ) બ્લીટ્ઝ ફોરમેટ - સુવર્ણ ચંદ્રક
૩. કોમનવેલ્થ ચેસ ચેમ્પિયનશીપ (ગ્લાસગા) અંડર - ૧૦ સુવર્ણ ચંદ્રક
૪. મહારાષ્ટ્ર ચેસ ચેમ્પિયનશીપ અંડર-૭ સુવર્ણ ચંદ્રક
૫. એશિયન સ્કૂલ ચેસ ચેમ્પિયનશીપ (શ્રીલંકા) અંડર-૭ (સુવર્ણ ચંદ્રક-રેપીડ ફોરમેટ)
૬. એશિયન સ્કૂલ ચેસ ચેમ્પિયનશીપ (શ્રીલંકા) અંડર-૭ (રૌપ્ય ચંદ્રક- બ્લીટ્ઝ ફોરમેટ)
૭. નેશનલ સ્કૂલ (દિલ્હી) અંડર-૭ ચેમ્પિયનશીપમાં રૌપ્ય ચંદ્રક
૮. નેશનલ ચેમ્પિયનશીપ (કલકત્તા) અંડર-૭ રૌપ્ય ચંદ્રકો
૯. મહારાષ્ટ્ર રાજ્ય ચેસ ચેમ્પિયનશીપ અન્ડર-૭ રૌપ્ય ચંદ્રક.
૧૦. મુંબઈ સ્પોર્ટસ્ એસોશીયેશન અન્ડર-૧૦ કાસ્ય ચંદ્રક.
૧૧. એશિયન સ્કૂલ ચેસ અન્ડર - ૫ (ઙટ્ટશ્રૃઙ્ઠ અને ઉંત્ણદ્દ બન્ને ફોરમેટ) સુવર્ણ ચંદ્રક .
૧૨. એશિયન સ્કૂલ ચેસ અન્ડર-૫ (ક્લાસીકલ ફોરમેટ) રૌપ્ય ચંદ્રક.
૧૩. મહારાષ્ટ્ર રાજ્ય ચેસ ચેમ્પિયનશીપ અન્ડર-૭ કાંસ્ય ચંદ્રક.
૧૪. ISPL ટુર્નામેન્ટ મુંબઈ- સુવર્ણ ચંદ્રક.

૬ વર્ષની ઉંમરે ૧૪૬૫ ઈન્ટરનેશનલ રેટિંગ પોઈન્ટસ્ મેળવીને વિશ્વના સૌથી અલ્પ વયમાંના એક રેટેડ ખેલાડી બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું.

## સરનામા ફેરફાર

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા પ્રકાશીત **પાટણ પ્રતિબિંબ** દર માસે ૨૬મી તારીખે નિયમીતપણે દરેકને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે, જે પૈકી ઘણા પરિવારોના સરનામાં ફેરફાર થયા હોય અથવા મકાન રીડેવલેપમેન્ટમાં ગયેલ હોય, જેના કારણે હંગામી ધોરણે બદલાયેલ સરનામાના અભાવે પ્રતિબિંબ પરત આવે છે. તો આપ સૌને ખાસ વિનંતી કરવામાં આવે છે કે, આપના સરનામામાં કોઈ ફેરફાર થયેલ હોય તો પૂરું નામ, પાટણનો મહોલ્લો તથા જૂનું અને નવું સરનામું સત્વરે લેખીતમાં સંસ્થાના મરીન ડ્રાઈવ ખાતેના કાર્યાલયમાં અથવા patanmandal@gmail.com ઉપર મોકલાવી આપવા વિનંતી છે, જેથી મંડળના રેકર્ડમાં તેના ફેરફારની નોંધ કરી શકાય અને આપને 'પાટણ પ્રતિબિંબ' મોકલાવી શકાય.

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

## CONGRATULATIONS

Grandson of **Smt. Tarunaben** & **Mahendrabhai Shah (Gunderwala** - Vasupujiyani Khadki) and son of **Jigna & Kamal Oza,** Master **Aahaan** (8 years) is a student of class three at Jamnabai Narsee School, Juhu. From the age of six years he has been practising Karate and currently hold the blue belt. He has been actively participating in Karate and Mathematic competitions.

Following are his achievements

**Karate :**

- Silver medal in U-9 Tata 14th Mumbai Interschool sports Kudo Tournament.
- Bronze medal in U-9 Kick and Kumite (fight) at 14th Mumbai Interschool sports Kudo Tournament.
- Bronze medal in U-8 Kumite at Mumbai's Mayor Cup Kudo Championship organized by Kudo Association of Maharashtra.
- Bronze Medal in U-8 Kumite at Nippon Budo Sogo, International India's 13th Mumbai Interschool Sports Kudo Tournament.

**Maths :**

- 1st rank with full marks in All Mumbai Mental Maths Competition 2014 for 3rd Standard.
- Merit List holder in Mumbai/Pune Mega Finals at IPM Mathemagic (Institution for promotion of Maths) exam held in 2014 Standard Two.

**Shree Patan Jain Mandal** wishes Master Aahaan all the Best for his Future Endeavours.

## શોધતો રહ્યો !

સતત જાણ્યા
છતાં સાવ અજાણ્યા,
હૈયાના ભાવ,
મારા શોધતો રહ્યો !

જગતે આવ્યો,
યાત્રાળુ બની ભમ્યો,
વરસો વીત્યા,
કેડી શોધતો રહ્યો !

સંસારે શમ્યો,
સંબંધે જકડાયો,
યુગ સરકયો,
મને શોધતો રહ્યો !

ધર્મનો મર્મ,
હું જાણી શકયો નહીં,
ધૂપસળીની,
મહેક શોધતો રહ્યો !

જિંદગી જીવ્યો,
વિકટ માર્ગ મહીં,
નિયતિ નેત્રે,
અંત શોધતો રહ્યો !

મ. ને.

---

### CHICAGO-AREA TECH PIONEER,
# SANJAY SHAH
### A PATANI, REACHES NEW HEIGHTS

**Shri Sanjay Shah** (S/o Smt. Naynaben & Shri Dinesh Shantilal Shah, Khetarvasi, Siddhghakra ni Pole-Patan) Founder and CEO of Vistex, Inc ®, one of the world's leading technology companies, made history with his purchase of the Trump International Hotel & Tower® penthouse (401 N. Wabash, Chicago, lll.), arguably one of the most extraordinary high-rise properties ever sold in the United states. Shah completed the single-largest residential real estate transaction in Chicago history when he closed on the 14,260-square-foot property, located on the 89th floor of the luxury building, which houses a total of 486 residential units.

The penthouse property was purchased by Sanjay Shah for $ 17 million, and he plans to invest an additional $ 15 million to build out the intentionally unfinished space to custom specifications. The space also features five bedrooms and eight baths, 16-foot ceiling, throughout floor-to ceiling windows, one reception room area 1300 sq.ft., one master bedroom area 1112 sq.ft.

In early 1999, shah independently founded Vistex, Inc., shortly after leaving software giant SAP. Vistex has been changing the face of the software industry ever since with cutting-edge marketplace solutions for some of the world biggest companies including Apple, Walmart, General Motors, Kraft Foods, General Electric, Kellogg's, Nestle, coca-cola, 3M, Grainger, Bridgestone, Microsoft, Intel, DIRECTV and Paramount Pictures, among many other blue-chip names. Vistex's proprietary Go-to-Market® technology currently serves 13 different industries including high-tech, industrial manufacturing, chemical, music, media and entertainment, life sciences, agriculture, retail, wholesale distribution, automotive and consumer products.

"Vistex solutions have been deployed on every continent," said shah. "Nearly anywhere in the world, when individuals go about their typical day, they are likely to interact with a brand that uses Vistex technology to reach and to sell to its customers." This penthouse is the 16th tallest building in the world and second in USA.

The Trump Penthouse he intends to use it for hosting Vistex clients and associates, as well as organizing events for the Vistex Foundation and Endeavor, the company's charitable arms, which collectively focus on addressing education, health and humanitarian issues globally and in the Chicago area.

## જૈન શાસન શણગાર...

આવો આવો ગુરુદેવ મારા સૂના સૂના દ્વાર...
મારા આંગણાં સૂના...

વીર શાસનના શણગાર ગુરુદેવને ઘણી ખમ્મા,
જૈન શાસનના અણગાર ગુરુદેવને ઘણી ખમ્મા,
પ્રભુ મહાવીરના વારસદાર ગુરુદેવને ઘણી ખમ્મા,
મહા તપસ્વી મહાત્મા હંસરત્ન વિજયજીને ઘણી ખમ્મા.
ઘણી ઘણી ખમ્મા, ઘણી ઘણી ખમ્મા.

રાજી માતાના કુક્ષીરત્ન ગુરુદેવને ઘણી ખમ્મા.
અધોઈ ગામના પનોતા પુત્ર ગુરુદેવને ઘણી ખમ્મા.
જયંતીભાઈ, કેતનભાઈના ભ્રાતાશ્રી ગુરુદેવને ઘણી ખમ્મા.
શ્રી ભુવનભાનુજીના પરિવાર મહારત્ન ગુરુદેવને ઘણી ખમ્મા.
ઘણી ઘણી ખમ્મા, ઘણી ઘણી ખમ્મા.

શ્રી તત્ત્વવર્ધનજીના તપસ્વી રત્ન શિષ્યને ઘણી ખમ્મા.
શ્રી તત્ત્વદર્શનજીના ગુરુભાઈ ગુરુદેવને ઘણી ખમ્મા.
સાધ્વીશ્રી ભવ્યરંજનાજીના ગુરુભાઈ ગુરુદેવને ઘણી ખમ્મા.
મરીનડ્રાઈવ સંઘના આંગણે ચાતુર્માસ કરનાર ગુરુદેવને ઘણી ખમ્મા.
ઘણી ઘણી ખમ્મા, ઘણી ઘણી ખમ્મા.

શ્રી ગુરુદેવના નામે મરીનડ્રાઈવના સંઘનો સઘળે થાય જયજયકાર
ગુરુદેવને ઘણી ખમ્મા.
શ્રી મુંબઈના સકળ જૈન સંઘોનું નામ રોશન કરનાર
ગુરુદેવને ઘણી ખમ્મા.
શ્રી જૈન શાસનના દેવ-દેવીઓની પ્રસન્ન કૃપા પામનાર
ગુરુદેવને ઘણી ખમ્મા.
ઘણી ઘણી ખમ્મા, ઘણી ઘણી ખમ્મા.

**☐ શ્રીમતી માલતીબેન હર્ષદભાઈ કાપડિયા**

## મિત્ર

મિત્રનું મુલ્યાંકન કેવી રીતે કરૂં ?
તેના બોલાયેલા માત્ર શબ્દોથી ? કે પછી
તેમાં હાવભાવ, સંદર્ભ ઉમેરીને અથવા
તેમાંથી બડાશ, અહંમને બાદ કરીને
તેમ છતાં, કયા શબ્દો લેવા ?
જે મારી સામે, મારા માટે બોલાયા છે તે
મારી પાછળ વપરાતા તે
મિત્રના શબ્દો પણ કેવાં ?
વારંવાર બદલાતા
ઘણાં મિત્રો માટે એક જેવા શબ્દો
તો વળી એક જ શબ્દ
સાવ સામાન્ય પણ સૌ મિત્રો માટે
કંઈ જ સમજાતું નથી
મુંઝવણ વધી, તેથી જ રસ્તો જડ્યો.
ને સ્ફુર્યું, મને એ ક્ષણે
કે કલ્પી લીધો એ પળે મિત્રને
જાની કટ્ટર દુશ્મન
મેં વિચાર્યું તે કેમ વર્તશે
તે અંતિમ પરથી
-મને જવાબ મળી ગયો.

**☐ શ્રી અજીતભાઈ જયંતીલાલ શાહ**


**લગ્નસંબંધી**

**નામ : નિશાંત અશોકભાઈ શાહ**
પિતા : અશોકભાઈ પ્રેમચંદ શાહ. માતા : પ્રીતિબેન
જન્મ : તા. ૯-૧૨-૧૯૮૮. ઊંચાઈ : ૫' ૯''. B. Com.
મહોલ્લો : નિશાળનો પાડો. રહેઠાણ : બોરીવલી (વેસ્ટ)
વ્યવસાય : ડાયમંડ ટ્રેડિંગ. 90296 40896 - 8655321380.
shahnishantss@gmail.com Advt

**અતિથિગૃહ**

- **KKK**ના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

**KKK અતિથિગૃહ બુકીંગ માટે સંપર્ક :**
કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ - 02766-224720
જનક બાલુભાઈ શાહ - 09323115714
કમલ બાબુભાઈ શાહ - 09820063762

**શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :**
શરદ પટવા - પાટણ- 02766 220040
શૈલેષ કેશવલાલ શાહ - 09821023693

**શિયાળો આવે છે KKK સાલમપાક લાવે છે**

**કનાસા કલ્યાણ કેન્દ્ર**

સહર્ષ જણાવવાનું કે, દર વરસની જેમ આ વરસે પણ પૌષ્ટિક, સાત્વિક, સ્વાદિષ્ટ સાલમપાક મળી શકશે. આ ઉપરાંત શિયાળામાં ખાસ મઠના તથા મેથીના ખાખરા મળશે. રાબેતા મુજબ ઘીના સફેદ ખાખરા, મસાલાના ખાખરા, મીઠી / તીખી મુગડીના, સાજીના મરીના સફેદ / લાલ પાપડ પણ મળશે.

**ઓર્ડરથી મીઠાઈમાં દેવડા, મગદળ, મોહનથાળ ઓછામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.**

**સંપર્કઃ જીતુભાઈ - 022-32053690 • જયેશભાઈ - 099-203-85597**

**નવા વર્ષની મેમ્બરશીપ**

કનાસા કલ્યાણ કેન્દ્ર સફળતાપૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૫ના લવાજમ માટે રૂા. ૨૨૦૦/- જ રાખવામાં આવ્યા છે. આપ નીચે જણાવેલ કોઈપણ સ્થળે ફોર્મ ભરી મેમ્બર બની શકશો. આપના કુટુંબીજનો, સગા-વહાલા તથા મિત્રોને મેમ્બર બનાવવા પ્રયત્ન કરશો. ફોર્મ તથા પૈસા નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે જમા કરાવશો.

| | | | |
|---|---|---|---|
| Walkeshwar Dehrasar | Marine Drive | Kalbadevi Road | Gowalia Tank |
| Meenaben - 9833271499 | Deepakbhai - 9820522936 | Janakbhai - 9323115714 | Kamalbhai - 9820063762 |
| Pydhonie / Nagdevi | Pydhonie / Nagdevi | Vile Parle | Santacruz / Vile Parle |
| Shaileshbhai - 9821023693 | Pravinbhai - 9820244026 | Daneshbhai - 9930891985 | Pankajbhai - 9820322648 |
| Andheri | Malad/Kandivali/ Borivali/Dahisar | Goregaon | Vile Parle Sales Centre |
| Niranjanbhai - 9819280255 | Bipinbhai - 9324621637 | Jitubhai - 022-32053690 / 7498115528 | Jayeshbhai - 9920385597 |

Advt

# શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ

**C/o શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦**

## ચાલો પુણ્યનો લખલૂટ ખજાનો લુંટીએ ને પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરીએ.

**પાટણના ઈતિહાસમાં પ્રથમવાર સમગ્ર પાટણના બધા જિનાલયોના**
**સામુદાયિક શુદ્ધિકરણનો અદ્વિતિય ઐતિહાસિક અપૂર્વ અવસર.**

**તા. ૧૪-૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૫. મહા વદ ૧૦-૧૧, શનિવાર - રવિવાર.**
**પાવનનિશ્રા - પ્રેરણા પ્રદાન પાટણના પનોતાપુત્ર**

## પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ

ભારતભરમાં વસતાં સર્વ પટણી ભાઈઓમાં છેલ્લા કેટલાક સમયથી આનંદના ઘોડાપૂર ઉમટ્યા છે. પાટણના ઈતિહાસમાં સર્વ શુદ્ધિકરણ પ્રસંગે આવવા સૌ થનગની રહ્યા છે. શુદ્ધિકરણ દિવસની ચાતકની જેમ રાહ જોઈ રહ્યા છે. પ્રભુભક્તિમાં નખશીખ ભીંજાવા સૌ કોઈ તલપાપડ છે.

આપનો નંબર પણ તેમાં છે જ, એવો અમને વિશ્વાસ છે, પણ કદાચ કોઈ કારણસર હજુ આપ સપરિવાર પધારવાનું નક્કી કરી શક્યા ન હો તો આપને અમારી ખાસ આગ્રહભરી વિનંતી છે કે, બીજી બધી જ પ્રતિકૂળતાને ગમે તે રીતે અનુકૂળતામાં ફેરવીને આ ઐતિહાસિક અવસરના સાક્ષી બનવાનું ચૂકશો નહીં.

ભાવિમાં આવો અપૂર્વ અવસર ફરી ક્યારે આવશે તે કહી ન શકાય આપ આપની આવનારી પેઢીઓને કહી શકશો કે આપણા પાટણ મહાતીર્થમાં રહેલા પ્રત્યેક તીર્થ સમાન જિનાલયોના સામુદાયિક શુદ્ધિકરણના અદ્વિતિય ઐતિહાસિક પ્રસંગમાં હું હાજર રહી મેં આ પ્રસંગને માણ્યો છે. આ શુદ્ધિકરણનું સમગ્ર સંચાલન અમદાવાદ સ્થિત 'જીનાજ્ઞા યુવાગ્રુપ' કરશે. ગ્રુપના ૧૨૦૦થી વધુ યુવક-યુવતીઓ આ કાર્ય સંભળશે. આપશ્રીની અનુકૂળતા મુજબ આ કાર્યમાં તન-મન-ધનથી સહભાગી બનવા વિનંતી.

તો હવે મોડું ન કરતાં પરિવારના તમામ સભ્યોની રેલ્વેટીકીટ જલ્દીથી આરક્ષિત કરાવીને આજથી જ પુણ્યોપાર્જન શરૂ કરી દો.

પાટણમાં આપની સુંદર વ્યવસ્થા કરી શકીએ તે માટે આપશ્રી કેટલા સભ્યો ક્યારે, પાટણ પધારવાના છે ? આપનું ઘર ખોલીને રહેશો કે આપની રહેવાની વ્યવસ્થા અમારે કરવાની છે ? તેની જાણ શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટના કમલેશભાઈને (૯૮૨૦૦૪૫૫૯૫) કરવા વિનંતી છે.

**બન્ને દિવસ ત્રણે સમય સાધર્મિકભક્તિનું આયોજન પંચાસર પરીસરમાં કરેલ છે. આપ સૌને લાભ આપવા નમ્ર વિનંતી.**

## સામુદાયિક શુદ્ધિકરણના ઐતિહાસિક કાર્યક્રમની રૂપરેખા

**પૂજ્ય ગુરુદેવનું સામૈયું :**
**તા. ૧૪-૨-૨૦૧૫, મહા વદ ૧૦ શનિવાર,**
**સવારે ૯ કલાકે**

**''પાટણનો પ્રભાવ'' વિશેષ પ્રવચન**
**બપોરે ૩ થી ૫ કલાકે**

**સ્નેહમિલન**
**સાંજે ૭.૦૦ કલાકે**

**શિખર, ઘુમ્મટ, સામરણ વગેરેનું શુદ્ધિકરણ**
**તા. ૧૫-૨-૨૦૧૪, મહા વદ ૧૧, રવિવાર,**
**સવારે ૬ થી ૮ કલાકે**

**પરમાત્મા, નભારો, શ્રી મંડળ, દિવાલો, ઝુમ્મરો ફ્લોરીંગ**
**વગેરે સમગ્ર જિનાલયનું શુદ્ધિકરણ**
**સવારે ૧૦.૩૦ કલાકથી**

પાટણ જિનાલયમાં ગૌરવને વધારવા થનારા અનેકવિધ આયોજનમાંના ખર્ચને પહોંચી વળવા રૂા. ૧ લાખ તથા રૂા. પાંચ હજારની યોજનાઓ રાખવામાં આવી છે. આપશ્રીને ઉદારદીલે રૂા. ૧ લાખની સ્કીમમાં જોડાવા વિનંતી છે. તે શક્ય ન બની શકે તો છેવટે રૂા. ૫ હજારના નામો ઘરના સભ્યો દીઠ નોંધાવી સહભાગી થવા વિનંતી છે. પાટણના જિનાલયોના ગૌરવને વધારવાના અભિયાનમાં કાર્યકર્તા તરીકે પણ આપને જોડાવા આગ્રહ ભરી વિનંતી છે.

Transport Division Loss Recovery

## BEST **દ્વારા વસુલાતો** (TDLR) **તથા તેના પર લેવાતા ટેક્ષ બાબત**

સપ્ટેમ્બર - ૧૪ 'પાટણ પ્રતિબિંબ'ના અંકમાં આ બાબત જણાવ્યું હતું, તે સિવાય નીચેની વિગતો જાણવી જરૂરી છે.

૧. Best ફક્ત ૬૯ સ્કે.કી.મી.માં વિજળી (Electricity) સપ્લાય કરે છે. જેને City Area કહેવામાં આવે છે.

૨. Best મુંબઈમાં બસો દોડાવે છે તે દરરોજ ૧૦,૬૬૦ કી.મી. દોડાવે છે. આમાં ૧૬% k.m. City Areaમાં દોડે છે. ૬૦% k.m. Suburbanમાં દોડે છે તથા ૨૪% k.m. Thane, Navi Mumbai, અને મીરારોડ, ભાઈંદરમાં દોડે છે. જ્યાં Best Electric Supply કરતી નથી.

મતલબ ૮૪% k.m. બસો દોડે છે ત્યાં Best વિજળી સપ્લાય કરતી નથી, છતાં Best વિજ ગ્રાહકો પાસેથી પુરી નુકસાની વસૂલ કરે છે.

૩. BEST આ ચાર્જ બીલમાં Shortform માં (TDRL in Bill) વસૂલ કરે છે.

૪. આ (TDRL) + Tax on (TDRL) વસૂલ થાય છે MERCના order Dt. 16-3-12 of Case no. 125, order Dt. 16-5-12 of Case no. 171 and order Dt. 28-12-2013 of Case no - 26 આ ત્રણ ઓર્ડરોથી વસૂલ કરે છે અને બીલ ડીટેલ કે બીલમાં જણાવતા નથી ને વિજ ગ્રાહકોને અંધારામાં રાખી વસૂલ કરે છે.

૫. MERC **અને** (Best) **ઓર્ડર સામે** Indian Hotels Ltd. એ ઈલેટ્રીસીટી એપેલેટ ટ્રીબ્યનલમાં અપીલ કરી હતી.

Case no : 155 of 2013 અને ચૂકાદો તા. ૩૧-૧૦-૨૦૧૪ના Indian Hotels Ltd. ની તરફેણમાં આવ્યો હતો.

ચૂકાદાના Main features.

(i) Best ઈલેક્ટ્રીસીટીનો પ્રોફીટ ટ્રાન્સપોર્ટ ડીવિઝનને Subsidise ન કરી શકે.

(ii) સુપ્રિમ કોર્ટના ઓર્ડરનું ખોટુ અર્થઘટન.

(૩) ઈલેક્ટ્રીસીટી Law 2003 નો ક્લોસ ૫૧ તથા બીજા ક્લોસનું ખોટુ અર્થઘટન.

(૪) ક્રોસ - સબસીડીનો ખોટો ઉપયોગ.

(૫) ૧૦૦% ટ્રાન્સપોર્ટ ડિવિઝનનો ઈલેક્ટ્રીસીટી યુસર પર ન નાખી શકે.

આ સિવાયના પણ કારણો છે. www.appel.gov.in. website પર જઈ જજમેન્ટ ઓપ્શનમાં જઈ અને finding માં Indian Hotels v/s Merc તો આખો ચૂકાદો જોવા મળશે.

(૬) બસ દોડાવાની Inefficiency પણ જુઓ.

૨૦૧૦-૧૧માં રોજ પેસેન્જર મળતા હતા, તેના કરતાં દર વર્ષે પેસેન્જરમાં ઘટાડો થતો ગયો. જે ૨૦૧૩-૧૪માં ટોટલ ઘટાડો ૧૬% ઉપર થયો. વસ્તીમાં ચાર વર્ષમાં ૨૦% થી વધારે વધારો થાય અને Passanger ઘટે તે માની ન શકાય અથવા Mismanagement થી થતું નુકસાન કેવી રીતે Bestના જ વિજ ધરાકો પર લાદી શકાય.

**આ બધાનો વિરોધ જો સંયુક્ત રીતે નહીં કરવામાં આવે તો આ રીતે ભોગ બનતા રહેવું પડશે. માટે તમો જે Society માં રહેતા હો તે Society ના Letter Pad પર નીચે મુજબ વિરોધ પત્ર લખી મોકલો.**

Oppose Best Transport Division Loss Recovery (TDLR) or मरार्ठा परिवहन विभाग तूट वसूली आकार (प.वि.तू. आकार) + Tax on TDLR on BEST Electric Consumer. STOP Leving this immidiately also ammount paid against this to be refunded with Interest at earliest.

**આજ વિરોધ નીચેના ઈ-મેલ પર મોકલી આપવા વિનંતી.**

(i) Merc gov. in mercindia@merc.gov.in

Tel. 22163969 / 22163964

(ii) gm@bestundertaking.com

Tel. 22856262

**□ શ્રી જતીનભાઈ બાલુભાઈ શાહ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જેની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ** ●

ADVT

# શ્રેષ્ઠ દાન

ડૉક્ટર ! પ્લીઝ મે આઈ કમ ઈન ?

મારી કેબીનમાં અધખૂલા દરવાજામાંથી એક ચહેરો મને દેખાયો. હું તેને જોતી જ રહી. એક નાનકડો દસ વર્ષનો છોકરો મારી પાસે આવી ઉભો રહ્યો તે મારી સામે મંદ મંદ સ્મિત વેરતો અંદર આવી ગયો. ક્ષણવારમાં જ એની સુંદર અને કંઈક સ્વપ્નાઓ ભરેલી આંખો મારા મનમાં વસી ગઈ. તેના માસૂમ ચહેરા સાથે મને આત્મીયતા બંધાઈ ગઈ.

છોકરાએ પોતાનું નામ ચિન્ટુ જણાવ્યું. તેની પાછળ જ ઉતાવળા પગલે, ખૂબ જ ચિંતીત ચહેરે તેની મમ્મી આવી ગઈ. તે બોલી, 'સાહેબ ! આમ તો છોકરાઓ આખો દિવસ ધમાલ-મસ્તી તો કર્યા જ કરે પડે, આખડે, કંઈક વાગે તોય પાછા દોડતાં થઈ જાય, પણ મારો ચિન્ટુ તો પંદર દિવસ પહેલાં જ રમતાં રમતાં પડી ગયો હતો ત્યારથી એને અહીં ગોઠણ પાસે ખૂબ માર લાગ્યો છે. એનો દુઃખાવો ઓછો જ નથી થતો. જરા એને જુઓને, એના પગે આવેલો સોજો કેમ ઉતરતો નથી ?' ચિન્ટુની મમ્મી ફિકર કરવા લાગી.

ડૉક્ટર સાહેબ ! મમ્મી બહું ચિંતા કરે છે મને થોડા દિવસમાં મટી જશે પણ માનતી જ નથી અને મને તમારી પાસે લઈ આવી.

મમ્મીની આંખોમાં આંસુ આવી ગયા. તેની વેદના વાચારૂપે બહાર નીકળી શું કરું સાહેબ ! મારો આ એક જ દીકરો છે, એને કંઈ પણ થાય છે તો મને ચેન પડતું નથી, મેં ચિન્ટુને ટેબલ પર સૂઈ જવા કહ્યું, તે સહેજ લગડાંતા પગલે બેડ સુધી પહોંચ્યો પણ જે પગમાં સોજો હતો તે પગ નીચે મુકતા એના મોઢામાંથી એક તીણી ચીસ નીકળી ગઈ. જ્યારે તેને તપાસવા મે હાથ લગાડ્યો, ગોઠણ પર નજર કરી તો મારું હૈયું જાણે ધબકારો ચૂકી ગયું. ચિન્ટુએ મોટી રાડ પાડી.

મુખ પર બનાવટી સ્મિત લાવતા મમ્મીને કહ્યુ, 'આમ તો ખાસ કંઈ લાગતું નથી તેમ છતાં થોડા રિપોર્ટસ કઢાવી લઈએ, દુઃખાવાની રાહત માટે ગોળી લખી આપું છું' ચિન્ટુને કહ્યું, 'પછી તો તું મેરેથોનમાં પણ ભાગ લઈ શકશે.'

જે રીતે એ મારી આંખોમાં આંખ પરોવી ધારદાર નજરે જોઈ રહ્યો એના પરથી મને સમજાયું કે ચિન્ટુ ચાલાક, અને હોંશિયાર છે. તેની પાસે ખોટું બોલાય તેમ નથી.

એ રાત્રે કલાકો સુધી મને ઉંઘ જ ન આવી. સતત ઈશ્વરને યાદ કરતી રહી, પ્રાર્થના, વિનંતી વિગેરે કરતી રહી. કદાચ ચિન્ટુની બાબતમાં મારું જ્ઞાન ખોટું પડે. મારી તબીબી તપાસનું તારણ પણ ખોટું સાબિત થાય. પણ ના ! ઈશ્વરે મારી કોઈ પ્રાર્થનાનો સ્વીકાર ના કર્યો અને મને જે વાતનો ભય હતો તે જ સત્યરૂપે બહાર આવ્યું. ચિન્ટુના રિપોર્ટ્સમાં હાડકાંનું થર્ડ સ્ટેજનું કેન્સર સાબિત થયું હતું.

તેના મમ્મી-પપ્પાને કઈ રીતે સત્ય જણાવવું તેની મને ભારે મૂંઝવણ તો થઈ પણ આખરે તો એના હિત માટે હૃદયને કઠોર બનાવી, રિપોર્ટસ વિશે સાચી વાત કહી અને તેમાંથી જો બચવું હોય તો ચિન્ટુનો પગ ગોઠણ સુધીનો કાપવો પડશે. તેમ છતાં આ રિપોર્ટ્સ ટાટા હૉસ્પિટલના મોટા સર્જનને બતાવી તેમનો પણ અભિપ્રાય લેવા એક ચિઠ્ઠી મેં તેના પપ્પાના હાથમાં મૂકી.

પંદરેક દિવસ પછી ફરીથી ચિન્ટુના મમ્મી-પપ્પા તેને લઈને આવ્યા. હતાશ અને નિરાશાથી ભાંગી પડેલા તેના પપ્પાએ ટાટા હૉસ્પિટલના ડૉક્ટરના અભિપ્રાયની વાત મારી પાસે રજૂ કરતાં જણાવ્યું કે, પગ કાપ્યા પછી પણ એને સારું થઈ જશે તેવી કોઈ ખાતરી નથી, અંતે ચિન્ટુનું ઑપરેશન કરીને મેં એને વિકલાંગ બનાવી દીધો. મને એમ લાગ્યું કે જાણે એક બગીચાના માળીએ પોતે જ પોતાના હાથે કુમળા પુષ્પને પીંખી નાખ્યું છે, એ દિવસ, એ સમય અને ચિન્ટુનો માસૂમ દર્દથી ભરેલો ચહેરો હું ક્યારેય નહીં ભૂલું.

ચિન્ટુને આનંદમાં રાખવા હું રોજ તેની પાસે કંઈક ને કંઈક અવનવી ભેટ લઈને જતી. સારા સારા પુસ્તકો વાંચવા આપતી, મને લાગતું કે હું જ તેની ગુનેગાર છું, પણ કોને ખબર કેમ હવે ચિન્ટુને કશામાં પણ આનંદ નહોતો આવતો, તેની આંખોમાં સ્વપ્નાઓ તો ક્યાંરના ખોવાઈ ગયા હતા. વેદના અને કરૂણાથી ભરેલી તેની આંખો રહેતી.

દસ-બાર દિવસ પછી હૉસ્પિટલમાંથી જ્યારે એને ઘરે જવાની રજા આપવામાં આવી ત્યારે તેના માથા પર વહાલથી મેં હાથ ફેરવ્યો અને અનાયાસે જ હું બોલી ગઈ, 'ચાલ ! બેટા, ફરીથી મળીશુ.'

ચિન્ટુએ મને વેધક પ્રશ્ન કર્યો, ક્યારે ડૉક્ટર સાહેબ ?

મારી પાસે આ સવાલનો કોઈ જવાબ નહોતો પણ આટલી જલ્દી એની ફરીથી મુલાકાત થશે તેવું મને નહોતું લાગતું. ચિન્ટુના નાનકડા કુમળા શરીરમાં યમરાજાએ કેન્સર રૂપી ઘર કરી લીધું હતું. ફરીથી એજ દવા, ઈંજેક્શન અને રિપોર્ટસના ચક્કર ચાલુ થયા. એક દિવસ હું ચિન્ટુ પાસે ગઈ. ત્યારે પ્રેમથી એણે મારો હાથ પકડી પૂછ્યું, 'ડૉક્ટર ! મારી આંખો તો બરાબર છે ને ? પ્લીઝ તમે તપાસીને કહો.'

આ સાંભળતાં જ મારા પગ નીચેથી જમીન સરકવા લાગી, મારાથી બધું સહન થશે પણ એની સુંદર મજાની આંખોને જો કંઈ થશે તો એ મારાથી સહન નહીં થઈ શકે. તેમ છતાં મનને સ્વસ્થ કરીને લાડથી મેં કહ્યું, કેમ, ચિન્ટુ હવે તને આંખમાં પણ તકલીફ લાગે છે ? હું કાલે જ આંખના ડૉક્ટરને અહીં તારી પાસે જ લઈ આવીશ.

બારીમાંથી બહાર નજર કરતાં તે બોલી ઉઠ્યો; 'ના, ના, મને આંખની તો કોઈ પણ તકલીફ નથી પણ સાહેબ તમે મારી મમ્મી જેવા છો. મને એક પ્રશ્નનો જવાબ આપશો પ્લીઝ ? પછી ધીમાં સ્વરે મને પૂછ્યું; મારી આંખો બીજાને કામ લાગી શકે ને ? મને તો કેન્સર છે હવે હું બહુ દિવસ નથી રહેવાનો'

ચિન્ટુના મોઢામાંથી અચાનક નીકળેલા આ પ્રશ્નનો જવાબ આપવા હું ત્યાં ન રોકાઈ અને એના વોર્ડમાંથી જેવી બહાર આવી ત્યાં જ મારી નજર એક બેનર પર ગઈ, હજુ ગઈકાલે જ વોર્ડની બહારની દિવાલ પર સોશિયલ વર્કરે બેનર લગાવ્યું હતું.

''ચક્ષુદાન - ઉત્તમ દાન, શ્રેષ્ઠ દાન''

''દ્રષ્ટી''નું દાન... તે સૃષ્ટિનું સૌથી મોટું દાન''

**❑ શ્રીમતી ભારતીબેન બી. શાહ**


**જગ્યા વેચવાની છે**

**વખતજીની શેરીમાં (ફોફલિયા વાડો)**

**જૈન દેરાસરની લાઈનમાં પ્લોટ**

**671 sq.ft.નો ખાલી પ્લોટ વેચવાનો છે.**

**Contact : Prafullbhai - 098215 13979**

Advt

# પ.પૂ.પં. શ્રી મનોભુષણ મહારાજ સાહેબના ચાતુર્માસ પરિવર્તન સમયે શ્રોતા બોલે છે

